# સાફલ્ય ગાથા,અમદાવાદ ગ્રામ્ય.

## અઠવાડિક તા.૨૨/૧/૨૦૧૮ થી તા.૨૮/૧/૨૦૧૮

## પ્રેસનોટ

(૧)

### વાસવા ગામની સીમમાથી મજરલોડ બંદુક તથા સાત બજાજ પલ્સર બાઇક સાથે આરોપીની ધરપકડ કરતી વિરમગામ રૂરલ પોલીસ

મહે પોલીસ અધિક્ષક શ્રી આર.વી.અસારી સાહેબની સુચના હેઠળ વણ શોધાયેલ મીલ્કત સબંધી ગુનાઓ તેમજ ગે.કા હથીયારો શોધી કાઢવા સુચના કરેલ હોય તથા મહે નાયબ પોલીસ અધિક્ષક શ્રી વી.કે.નાયી સાહેબના માર્ગદર્શન હેઠળ આજરોજ અમો પો.સ.ઇ આર.આઇ.સોલંકી તથા અ.હે.કો હરજીભાઇ છગનભાઇ તથા પો.કો ચેહરભાઇ ભીખાભાઇ તથા પો.કો જયદિપસિહ રાજેન્દ્રસિહ તથા અ.પો.કો રાજુજી જામાજી એમ બધા પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ખાનગી હકીકત આધારે વાસવા ગામની સીમમા બહુચર માતાજીના મંદીર પાસે આવેલ ખરાબામા રહેતા વિલાયત ઉર્ફે જમાલ મહંમદઉમર ડફેર નાને દેશી હાથ બનાવટની મજરલોડ બદુંક સાથે પકડી પાડેલ અને સદરહુ જગ્યાએથી બાવળની ઝાડીમા જુદી જુદી જગ્યાએ સંતાડેલા સાત બજાજ પલ્સર મોટર સાયકલ સાથે પકડી પાડેલ અને આરોપીની ગુનાના કામે ધરપકડ કરેલ છે અને મુદ્દામાલ કબ્જે કરેલ છે અને આગળની તપાસ ચાલુ છે.



## પ્રેસનોટ

## (૨)

### મોજશોખ સારૂ બાઇક ચોરીના ગુન્હાર આરચતો લબરમૂછીયા ને ચોરાઉ બાઇક સાથે ઝડપી પાડતિ અમદાવાદ ગ્રામ્યે, એલ.સી.બી.

જીલ્લાદમાં નોધાયેલ વાહન ચોરીના બનાવો શોધી કાઢવા જીલ્લાદ પોલીસ વડાશ્રી આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ એલ.સી.બી પો.ઇન્સ.શ્રી. જે.એમ.ચુડાસ્મા. નાઓને ખાસ સુચના કરેલ તેના ભાગરૂપે પો.સ.ઇ.શ્રી. એન. બી. બારોટ. પો.સ.ઇ. શ્રી આર.એમ. વસૈયા, પો.સ.ઇ.શ્રી, આઇ.એમ. ઝાલા અને ટીમે જીલ્લારમાં નોધાયેલ વાહન ચોરીના ગુન્હામનો અભ્યાલસ કરી ગુન્હાલની પધ્ધતિ આધારે સ્ક્રૂ ટીકરી ગુન્હાયઓ

શોધવા કવાયત હાથ ધરેલ તેના ફળ સ્વૂપે પો.કોન્સો વિપુલકુમાર પટેલ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે ધોળકા મગીયા ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી ભારે જહેમતથી ચોરાઉ બાઇક સાથે એક ઇસમને ઝડપી પાડેલ

રૂ. ૧૫૦૦૦/-ની કિમતના ચોરાઉ બાઇક સાથે લબર મૂછીયો ઝડપાયો

(૧) સુનિલકુમાર કનુભાઇ જાતે રાણા ઉ.વ. ૨૩ રહે. મોટી ગોલવાડ ધોળકા, અમદાવાદ

ઉપરોકત ઇસમને હિરોહોન્ડા પ્રો મોટર સાયકલ કિમંત રૂ.-૧૫,૦૦૦/- સાથે ઝડપી પછપરછ કરતા કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી જેથી અટકાયત કરી આગવી ઢબે ધનિષ્ઠ પુછપરછમાં મોજશોખ સારૂ ધોળકા ગોલવાડ ખાતેથી ચોરી કરેલાની કેફિયત આપેલ

આ કામગીરી માં એલ.સી.બી.ના એ.એસ.આઇ. મનુભાઇ ખરાડી તથા પો.કો. અજયસિંહ ચુડાસમા પો.કો. વિપુલભાઇ પટેલ પો.કો.ભરતસિંહ ગોળ નાઓ જોડાયેલા હતા



# પ્રેસનોટ

(3 )

**ધણા લાબા સમયથી નાસતો ફરતો કુખ્યાત "ચારોરીયા ગેંગ"ના**

**મુખ્યય સૂત્રધારને ઝડપિ પાડતી અમદાવાદ ગ્રામ્યં, એલ.સી.બી,**

જીલ્લાખમાં બનતા ગુન્હીઓ ઉપર અંકુશ મેળવવાના હેતુસર નાસતા ફરતા આરોપીઓને ઝડપિ પાડવા જીલ્લાસ પોલીસ વડા શ્રી,આર.વી.અસારી સાહેબશ્રી નાઓએ ખાસ એક્શન પ્લાસન બનાવી જીલ્લાશના અધિકારીશ્રીઓને ખાસ સૂચના કરેલ તેના ભાગરૂપે એલ.સી.બી. પો.ઇન્સિ.શ્રી જે.એમ. ચુડાસમા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી એન.બી. બારોટ અને એલ.સી.બી ટીમે નાસતા ફરતા આરોપીઓની સ્ફુટી કરી આરોપીઓ મળી આવવાના સંભવીત સ્થાળો તેમજ આશ્રયસ્થીન સંબધે જીણામાં જીણી માહિતિ એકઠી કરી નાસતા

ફરળતા આરોપીઓ શોધવા પ્રયાસ હાથ ધરેલ તેના ફળ સ્વફરૂપે એ.એસ.આઇ. પ્રકાશભાઇ શર્મા તથા પો.કો. અજીતસિંહ પઢેરીયા નાઓને મળેલ ચોકકસ બાતમી આધારે બાવળા-રૂપાલ ત્રણ રસ્તાી નજકી વોચ ગોઠવી ભારે જહેમતથી કુખ્યાત “ ચારોરીયા ગેંગ ” નો મુખ્યવ સૂત્રધાર અને ઘણા લાબા સમયથી નાસતા ફરતા રહેલ આરોપીને ભારે જહેમતથી ઝડપી પાડેલ

ચોરાઉ મો.ફોન સાથે કુખ્યાત “ચારોરીયા ગેંગ” નો મુખ્યય સૂત્રધાર ઝડપાયો

(૧) સુરેશભાઇ ઉર્ફે રાજુ તખુભાઇ ચારોડીયા (દેવીપુજક) ઉ.વ.-૨૫ રહેવાસી-જેતપુર ધોળાજી રોડ, પાવર હાઉસની બાજુમાં આવેલ ઝુપડપટ્ટીમાં તા.-જેતપુર જીલ્લો-રાજકોટ હાલ રહે, બાવળા રૂપાલ રોડ, ત્રણ રસ્તા ઉપર તા.-બાવળા જી.-અમદાવાદ

ઉકત આરોપી ચોરાઉ મો.ફોન-૧ કિ.રૂ.૫૦૦૦/- નો આશરે ચાર-પાંચ દિવસ પહેલા લીમડી રાજકોટ હાઇવે રોડ ગીરીરાજ કોટન જીનના મજુરોની ઓરડી માંથી અન્યો સાગરીતો સાથે મળી ચોરી કરેલ જે બાવળા બજારમાં વેચવા જતા પકડાઇ ગયેલાની કેફીયત આપેલ

દસથી વધુ ઘરફોડ ચોરીના ગુન્હાપ આચરેલાની કબૂલાત

ઉકત આરોપીની ઘનિષ્ઠહ પૂછપરછમાં છેલ્લાૂ એક વર્ષ દરમ્યાઉન મોરબી-વાકાનેર પંથકમાં સાગરીતો સાથે મળી દશેક ઘરફોડ ચોરીના ગુન્હામ આચરેલાની કેફીયત આપેલ જે પૈકિ લીમડિ પો.સ્ટેમ. ખાતે એક ઘરફોડ ચોરીનો ગુન્હો નોધાયેલાની હકિકત હાલ સુધિ પ્રાપ્તર થયેલ છે.
છેલ્લાલ એકા વર્ષથી નાસતો/ફરતો પકડાયો

ઉકત આરોપી એક વર્ષ કરતા વધુ સમયથી મોરબી જીલ્લાલના હળવદ પો.સ્ટે .ના બે અલગ અલગ ઘરફોડ ચોરીના ગુન્હા માં નાસતો ફરતો હતો

ગુન્હો આચરવાની પધ્ધાતિ

આરોપીઓ પોલીસ ફરીયાદ ન થાય તે હેતુસર મુખ્યોત્વે રોડ નજીક આવેલ ફેકટરી-કારખાના ના મજૂર વસાહની ઓરડીઓને શોફ્ટ ટાર્ગેટ બનાવી ગુન્હા ને અંજામ આપતા

આ કામગરીમાં એલ.સી.બી.ના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.બી.બારોટ, એ.એસ.આઇ. પ્રકાશભાઇ શર્મા, એ.એસ.આઇ. મનુભાઇ ખરાડી, પો.કોન્સન. અજયસિહ ચુડાસમા, પો.કોન્સઇ. અજીતસિહ પઢેરીયા, પો.કોન્સશ. ભરતસિહ ગોળ નાઓ જોડાયેલ હતા



પ્રેસનોટ

(૪)

આર.આર.સેલ, અમદાવાદએ રાજકોટ હાઇવે ભામસરા પાટીયા નજીક થી ટ્રક માથી રૂ.૨૨,૪૪,૦૦૦/- નો ઈંગ્લીશ દારુનો જથ્થો ઝડપી પાડયો

શ્રી.એ.કે.જાડેજા પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ વિભાગ અમદાવાદ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ ચુટણી અનુસંધાને ઈંગ્લીશ દારૂની હેરાફેરી થતી અટકાવવા સારૂ આર.આર.સેલ અમદાવાદ વિભાગના પોલીસના માણસોને સુચના કરેલ જે આધારે શ્રી આર.આર.સેલ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ મહિપાલસિંહ ને બાતમી મળેલ કે, ટ્રક નંબર.આર.જે ૨૭ જી.બી ૦૦૭૬ માં ઇગ્લીશદારૂનો જથ્થો ભરી રાજસ્થાનથી રવાના થયેલ અને આજરોજ રાજકોટ તરફ જનાર છે. જે આધારે આર.આર.સેલના માણસો તથા બગોદરા પો.સ.ઇ ડી.જી.ગોહીલ અલગ અલગ ટીમ સાથે ટ્રકની વોચ તપાસમાં હતા દરમ્યાન ભામસરા પાટીયા પાસે બાતમી વાળી ટ્રક નંબર આર.જે ૨૭ જી.બી ૦૦૭૬ ની આર.આર.સેલના માણસોને મળી આવતાં તેમાં તપાસ કરતાં પ્લાસ્ટીકની પાવડર ભરેલ થેલીઓ નિચે સંતાડેલ  રોયલ ચેલેન્જ, રોયલ સ્ટેગ, મેક ડોવેલ્સ, એપીસોડ વ્હીસ્કી માર્કાની ઇગ્લીંસ દારૂની ૭૫૦ મી.લી.ની બોટલો ભરેલ બોક્ષ નંગ ૫૨૫ બોટલ નંગ ૬૩૦૦ કી.રૂ ૨૨,૪૪,૦૦૦/- નો જથ્થો મળી આવેલ

ઇગ્લીંસ દારુ લાવનાર ટ્રકના ડ્રાઇવરની ધરપકડ ક્લીનર ફરાર

ઇગ્લીંસ દારુ લાવનાર ટ્રકના ડ્રાઇવર કિશનલાલ કમલાજી ડાંગી (પટેલ) ઉ.વ ૨૮ રહે. ગામ મન્દેશર ડબોક ગામની બાજુમા થાણા ડબોક તા.વલ્લભનગર જી ઉદેપુર રાજસ્થાન ની ધરપકડ કરવામાં આવેલ છે. અને ક્લીનર ઇરફાન રહે.અલવર રાજસ્થાન નો પોલીસને જોઇ ભાગી ગયેલ.

ઇગ્લીંસ દારૂના જથ્થા તથા ટ્રક સાથે કુલ કી.રૂ. ૩૦,૪૪,૫૦૦/- નો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો

આર.આર.સેલ અમદાવાદ વિભાગના દરોડા દરમ્યાન ટ્રકમાંથી ઇગ્લીંસ દારૂનો જથ્થો કી.રૂ.૨૨,૪૪,૦૦૦/- તથા ટ્રકની કી.રૂ.૮,૦૦,૦૦૦/- તથા તથા મોબાઇલ કી.રૂ.૫૦૦/- મળી કુલ કી.રૂ.૩૦,૪૪,૫૦૦/- નો મુદ્દામાલ કબજે લઇ માલ મોકલનાર તથા મંગાવનારના ધરપકડના ચક્રો ગતીમાન કરેલ છે.

પ્લાસ્ટીકની પાવડરની થેલીઓ ની આડમાં ઇગ્લીશ દારૂની હેરાફેરી કરવામાં આવતી હતી

આરોપીઓ દ્વારા ટ્રકમાં કવરીંગમાં પ્લાસ્ટીકની પાવડર ભરેલ થેલીઓ નિચે ઇગ્લીશદારૂનો જથ્થો સંતાડી પાવડરની બીલ્ટી બનાવી ઇગ્લીશદારૂની હેરાફેરી કરતા હતા.



*આમ અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી  તથા પેરોલ ફર્લો સ્કોર્ડ ધ્વારા સદરી વીક દરમ્યાન ઉકત સારી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.*

*(આર.વી.અસારી)*
*પોલીસ અધિક્ષક*
*અમદાવાદ રુરલ અમદાવાદ*